બ્લેક ફિલ્મવાળી મોટર, કાગળો ચકાસવામાં આવ્યા:

લાલપુર બાયપાસ પર પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ

(તસ્વીરઃ પરેશ ફલીયા)

જામનગરના લાલપુર બાયપાસ પર ગઈકાલે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં કાળી ફિલ્મ લગાવીને જતી મોટર ઉપરાંત લાયસન્સ સહિતના જરૂરી કાગળો સાથે ન રાખનાર વાહનચાલકો પાસેથી હાજર દંડની વસૂલાત કરવામાં આવી હતી. પોલીસે મોટરમાંથી ફિલ્મ દૂર કરાવી હતી.

બે ખેડૂતની હત્યા કરી મૃતદેહ જમીનમાં દાટી દીધા હતા:

કાલાવડના મોટા વડાળા ગામમાં ૧૯ વર્ષ પહેલાં હત્યા કરનાર આરોપી હરિયાણામાંથી ઝડપાયો

જામનગર તા. ૧૨: કાલાવડના મોટા વડાળા ગામમાં ૧૯ વર્ષ પહેલાં બે શખ્સે સામાન્ય બોલાચાલી પછી બે ખેડૂતોની હત્યા કરી મૃતદેહોને જમીનમાં દાટી દીધા હતા. મૃતદેહમાંથી વછૂટેલી વાશ પછી મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે મૃતકના કાકાની ફરિયાદ પરથી ગુન્હો નોંધી હરિયાણાના એક શખ્સની ધરપકડ કરી હતી અને સહઆરોપીની શોધ આદરી હતી. આ આરોપી ૧૯ વર્ષ પછી હરિયાણામાંથી એલસીબીના હાથમાં ઝડપાયો છે. તેનો કબજો કાલાવડ શહેર પોલીસને સોંપવામાં આવ્યો છે.

કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામમાં ગઈ તા.૧૪ જાન્યુઆરી ૨૦૦૭ના દિવસે ભીખાભાઈ ગોરધનભાઈ તથા વિઠ્ઠલભાઈ ગોવિંદભાઈ નંદાણીયા નામના બે વ્યક્તિ પોતાનું જેસીબી લઈને કાલાવડ તાલુકાના પાટા મેઘપર ગામમાં પોતાના ખેતરે કામ કરતા હતા. તેઓના ખેતરમાં જેસીબી ઓપરેટર તરીકે હરિયાણા રાજ્યના મેવાત જિલ્લાના

પુનાના ગામના ઈર્શાદદિન મહંમદ મેવ તથા જમશેદ દિનમહંમદ મેવ નામના બે શખ્સ કામ કરતા હતા.

બનાવના આગલા દિવસે કોઈ બાબતે ઈર્શાદ તથા જમશેદ સાથે બોલાચાલી થતાં ભીખાભાઈ ગોરધનભાઈ તથા વિઠ્ઠલભાઈ ગોવિંદભાઈ નંદાણીયાની હત્યા કરી નાખી આ બંને શખ્સે મૃતદેહોને સગેવગે કરવા માટે જમીનમાં જેસીબીથી ખાડો ખોદી નાખ્યો હતો અને બંને લાશ જમીનમાં દાબી દીધી હતી. તે પછી આ શખ્સો જેસીબી મશીન સાથે પલાયન થઈ ગયા હતા.

ઉપરોક્ત બાબતની મૃતકોના કાકા ધનજીભાઈ બાવાભાઈ નંદાણીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જે તે વખતે ગુન્હો નોંધી આરોપી પૈકીના ઈર્શાદદિન મહંમદની ધરપકડ કરી હતી અને બીજા આરોપી જમશેદદિન મહમદની શોધ કરાઈ રહી હતી.

સતત ૧૯ વર્ષ સુધી પોલીસને હાથતાળી આપતો ઉપરોક્ત આરોપી જમશેદ પોતાની ઓળખ બદલીને પોતાના વતનમાં જુદા જુદા સ્થળે ફરી રહ્યો હોવાની બાતમી મળતા જામનગરથી એલસીબીની ટીમ પીએસઆઈ એમ.વી. ભાટીયાના વડપણ હેઠળ હરિયાણા ધસી ગઈ હતી. જ્યાં ગુરૂગ્રામ શહેરમાંથી જમશેદ મેવને દબોચી લેવામાં આવ્યો છે, કાલાવડ ખસેડી કાલાવડ પોલીસ સ્ટેશનને તેનો કબજો સોંપવામાં આવ્યો છે.

મનીલોન્ડરીંગ, હેલ્થકેર, એચ-૧ બી વિઝા કૌભાંડોનો આરોપ

અમેરિકામાં ગુજરાતી મૂળના બે ડેન્ટિસ્ટો મેડિકલ ફ્રોડના કેસમાં દોષિતઃ એફબીઆઈ

વોશિંગ્ટન તા. ૧૨: મૂળ ગુજરાતના ગણાતા બે ડેન્ટિસ્ટો પર કૌભાંડોના આક્ષેપો પછી તેની સામે થયેલા કેસમાં દોષિત ઠહેરાવાથી તેઓને લાંબી સજા થઈ શકે છે, તેવા મીડિયા અહેવાલો ચર્ચાનું કેન્દ્ર બન્યા છે.

પ્રેસ અને મીડિયામાં ચર્ચાતા અહેવાલો મુજબ અમેરિકાના પેન્સિલવેનિયામાં રહેતા બે ગુજરાતી મૂળના ડેન્ટિસ્ટોને મલ્ટિ-સ્ટેટ રેકેટિયરિંગ કાવતરા અને વિવિધ પ્રકારની છેતરપિંડીના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ ભાઈઓએ મેડિકલ ફ્રોડ સહિતના અનેક કૌભાંડો કરીને કરોડો ડોલરની કમાણી કરી હતી તેવા આરોપો મૂકાયા હોવાનો ઘટસ્ફોટ એફબીઆઈને ટાંકીને કરાઈ રહ્યો છે.

મીડિયાના માધ્યમથી થતી ચર્ચા મુજબ ભાસ્કર સવાણી ડેન્ટલ પ્રેક્ટિસનું સંચાલન કરતા હતાં, જ્યારે તેમના ભાઈ અરૂણ સવાણી ઓપરેશન સાથે જોડાયેલ નાણાકીય અને રિયલ એસ્ટેટનું સંચાલન કરતા હતાં. નવાઈની વાત તો એ છે કે, તપાસ એજન્સીઓની નજરમાં હોવા છતાં આ બન્ને ભાઈઓ સોશિયલ મીડિયા પર કાશ પટેલ જેવા ઉચ્ચ અધિકારીઓ સાથેના ફોટો શેર કરીને રૂઆબ પ્રેસ અને મીડિયામાં બતાવતા હતાં. વર્ષ ૨૦૨૩ માં તેમની સામે કાયદાકીય કાર્યવાહી શરૂ થઈ હતી, જેના અંતર્ગત હવે જુલાઈ ૨૦૨૬ માં તેમને સજા સંભળાવવામાં આવશે. આ કેસમાં ભાસ્કરને ૪૨૦ વર્ષ અને અરૂણને ૪૧૫ વર્ષની લાંબી જેલની સજા થઈ શકે છે.

એચ-૧બી વિઝા કૌભાંડ હેઠળ ભારતીયોને નોકરીએ રાખવાના બહાને ખોટી અરજીઓ ફાઈલ કરવી અને તેમની પાસેથી ગેરકાયદેસર ફી વસૂલવી તથા મેડિકલ ફ્રોડ હેઠળ મેડિકેડના કોન્ટ્રાક્ટ રદ્દ થયા હોવા છતાં અન્યના નામે વ્યવસાય બતાવીને મેડિકેડ પાસેથી આશરે ૩૨ મિલિયન ડોલર (૩ કરોડ ડોલર) થી વધુની છેતરપિંડીના આક્ષેપો મૂકાયા છે.

તે ઉપરાંત હેલ્થકેર ફ્રોડ હેઠળ જે ડોક્ટરો અમેરિકામાં ન હોય તેમના નામનો ઉપયોગ કરીને ખોટા બીલ બનાવવા અને બિનઅનુભવી લોકો પાસે સારવાર કરાવવી, મની લોન્ડરીંગ હેઠળ યેતરપિંડીથી મેળવેલા પૈસાને છૂપાવવા માટે અનેક બેંક ખાતાઓ દ્વારા જટિલ નેટવર્ક ઊભું કરવું તથા આશરે ૧.૬ મિલિયન ડોલરની વ્યક્તિગત આવકને કર્મચારીઓના પગાર પર ટેક્સ ન ચૂકવવો તેવા આક્ષેપો મૂકાયા હતાં. આ ઉપરાંત ઘરના ખર્ચાઓ અને બાળકોની કોલેજ ફી પણ બિઝનેસના નામે બતાવીને છેતરપિંડીનું તહોમત મૂકાયું હતું.

તે ઉપરાંત દર્દીઓની જાણકારી કે સંમતિ વિના જ તેમના પર માનવ ઉપયોગ માટે અયોગ્ય એવા ડેન્ટલ ઈમ્પ્લાન્ટ્સનો ઉપયોગ કરવાનો પણ કેસ છે. આ ઉપરાંત તેમની સહયોગી એલેક્ઝાન્ડ્રા રાડોમિયાકને પણ દોષિત ઠેરવવામાં આવી છે, જેને ૪૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આટલી મોટી સજાની જોગવાઈ અને કૌભાંડની વિગતોએ અમેરિકામાં વસતા ભારતીય સમુદાયમાં પણ ભારે ચર્ચા જગાવી છે.

સેન્સેક્સ ૧૩૪૨ પોઈન્ટ ખાબકી ૭૬૮૬૪

મુંબઈ તા.૧૨ આજે શેરબજારના ટ્રેડિંગના છેલ્લા કલાકોમાં ફંડોની ભારે વેચવાલીના દબાણે જોતજોતામાં સેન્સેક્સ ૧૩૪૨.૨૭ પોઈન્ટ તૂટીને ૭૬૮૬૩.૭૧ અને નિફ્ટી ૫૦ સ્ટોટ ૩૯૪.૭૫ પોઈન્ટ ગબડીને ૨૩૮૬૬.૮૫ બંધ રહ્યા હતા. ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ સાંજે નાયમેક્ષ-ન્યુયોર્ક ક્રુડના બેરલ દીઠ ૨.૩૨ ડોલર વધીને ૮૫.૭૭ ડોલર અને બ્રેન્ટ ક્રુડના ૨.૧૫ ડોલર વધીને ૮૯.૯૫ ડોલર નજીક રહ્યા હતા. ઓટોમોબાઈલ કંપનીઓ માટે એક તરફ ક્રુડ ઓઈલના ભાવોમાં ફરી વધારો અને બીજી તરફ ગલ્ફ દેશોની આવતાં ગેસ, ક્રુડ સહિતનો પુરવઠો અટકતાં ઘર આંગણે પેટ્રોલ, ડિઝલના ભાવોમાં તોળાતાં વધારાએ વાહનોની ખરીદીમાં ઘરખમ ઘટાડો થવાની શકયતાએ અને નિકાસો પણ મંદ પડવાના અંદાજોએ આજે ફંડોએ ફરી ઓટો શેરોમાં હેમરિંગ કર્યું હતું.

જરૂરી નોટિસ આપ્યા પછી એસ્ટેટ શાખા દ્વારા પાડતોડ કરવામાં આવી

જામનગરના પાંચ હાટડી મણિયાર શેરીમાં ૪ દુકાનોનું ગેરકાયદે બાંધકામ તોડી પાડતી મહાનગરપાલિકા

(તસ્વીરઃ પરેશ ફલીયા)

જામનગર તા. ૧૨: જામનગરના પાંચ હાટડી વિસ્તારમાં મહાનગર પાલિકાની મંજૂરી વગર કરવામાં આવતું દુકાનનું બાંધકામ આજે મહાનગર પાલિકા દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું.

જામનગર શહેર વિસ્તારમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવતા પહેલા મહાનગર પાલિકા પાસે બાંધકામ પરવાનગી મેળવવી ફરજિયાત છે.ત્યારે આજે પાંચ હાટડી વિસ્તાર, મણિયાર શેરીમાં ગેરકાયદે ચાલતા ચાર દુકાનના બાંધકામને મહાનગર પાલિકાની એસ્ટેટ શાખા દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. અને આશરે ૫૫૦ ફૂટ જગ્યાં ખુલ્લી કરાવાઈ હતી.

દુકાનોનું ગેરકાયદે બાંધકામ ચાલતું હોવાની માહિતી મળતા ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા અબ્દુલ લુસવાલા નામના આસામીને નોટીસ પાઠવાઈ હતી. અને મંજૂરીના આધાર પુરાવા રજૂ કરવા જણાવાયું હતું. પરંતુ કોઈ પુરાવા રજૂ નહીં થતાં બાંધકામ તોડવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ પછી આજે સવારે એસ્ટેટ વિભાગના અધિકારી અનવર ગજણ અને તેની ટીમ દ્વારા ચારેય દુકાનોનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું.

ત્રણ મહિનામાં પોણા બાર લાખનો છોલ ચોરાઈ ગયો:

જામનગરમાં બ્રાસપાર્ટની ભઠ્ઠીમાંથી ૭૮૦૦ કિલો વજનનો પીત્તળનો છોલ ચોરાયો

જામનગર તા. ૧૨: જામનગરના હિરજી મિસ્ત્રી રોડ પર પીત્તળના છોલની ભઠ્ઠી ચલાવતા એક આસામીના ભઠ્ઠીના સ્થળ પરથી ત્રણ મહિનામાં રૂ.૧૧ લાખ ૭૦ હજારની કિંમતનો ૭૮૦૦ કિલો છોલ ચોરાઈ ગયો છે. તેઓએ પોતાનો સ્ટોક ચકાસતા ચોરીની જાણ થઈ છે. પોલીસમાં તેની ફરિયાદ કરવામાં આવી છે.

જામનગરના ઓશવાળ-૩ પાસે સત્યમ્ કોલોની સામે વસવાટ કરતા અને હિરજી મિસ્ત્રી રોડ પર પ્રણામી સ્કૂલની વાડી સામે શ્યામ મેટલ નામનું બ્રાસપાર્ટનું કારખાનું-ભઠ્ઠી ચલાવતા વિજયભાઈ કાનજીભાઈ ભારવડીયાના કારખાનામાં ગઈ તા.૧૮ની રાત્રે જ્યારે તેઓએ ભઠ્ઠીનું ચેકીંગ કરતા તેઓને ભઠ્ઠીનો દરવાજો તથા શટરના તાળા તૂટેલા જોવા મળ્યા હતા.

ચોંકી ગયેલા વિજયભાઈએ અંદર ચકાસણી કરતા ભઠ્ઠીમાંથી અંદાજે ૭૮૦૦ કિલો છોલ જોવા મળ્યો ન હતો. તેઓએ ભઠ્ઠીમાં ઉપરોક્ત છોલ મંગાવીને રાખ્યા પછી પણ છોલ જોવા ન મળતા તેઓએ છેલ્લા ત્રણેક મહિનામાં કુલ રૂ.૧૧ લાખ ૭૦ હજારની કિંમતનો છોલ ચોરાઈ ગયાની સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

ધન કચરાના નિકાલ અંગે યોજાયેલી બેઠકમાં ડખ્ખો

ખંભાળીયા નગરપાલિકાના પ્રમુખના પતિ વિરૂદ્ધ મહિલા સફાઈ કર્મચારી દ્વારા પોલીસ ફરિયાદ

ખંભાળીયા તા. ૧૨: ખંભાળીયા નગરપાલિકા દ્વારા તાજેતરમાં અહીંની એક ખાનગી હોટલમાં ધન કચરાના નિકાલ અંગે ખાસ શિબિર રાખવામાં આવેલ હતી, જેમાં પાલિકાના રોજમદાર મહિલાકર્મી મંજુબેન કારાભાઈ પીંગળ (ઉ.વ. ૫૦) એ ડખ્ખો કર્યો હતો, જે મામલો પોલીસમાં પહોંચતા વાતાવરણ ગરમાયું હતું.

મંજુબેન કારાભાઈ પીંગળ દ્વારા ખંભાળીયા પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણીના પતિ મોહિતભાઈ મોટાણી સામે એસ્ટ્રોસિટીની વિવિધ કલમો તથા બીએનએસની કલમો હેઠળ ખંભાળીયા પોલીસમાં ફરિયાદ કરી તેઓને કાયમી ના કરાતા તથા પી.એફ. તથા પગાર વધારાના પ્રશ્નો અંગે નિરાકરણ ના આવતા કલ્યાણ હોટલમાં મિટિંગ ચાલુ હતી જેનું મોબાઈલમાં રેકોર્ડીંગ કરતા ફરિયાદી સાથે ઝઘડો કરીને મોહિતભાઈએ હાથમાં ઈજા કર્યાની ફરિયાદ કરતા એસસી, એસટી સેલ ડીવાયએસપી વિસ્મય માનસેતા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

જો કે, અગાઉ પણ મંજુબેન દ્વારા આંદોલનો દિવસો નહીં મહિનાઓ સુધી થયા હતાં તથા વિવિધ આંદોલનોની ધમકીઓ અપાઈ હતી, પણ ધન કચરાની મિટિંગમાં ખાનગી હોટલમાં રજૂઆત કરવા જવાની બાબત પણ ચર્ચાય રહી છે, તો મોબાઈલનું રેકોર્ડીંગ કરવા બાબતે એસ્ટ્રોસિટીની ગંભીર ફરિયાદ પણ ચર્ચાસ્પદ બની છે. પાલિકાની મુદ્દત પૂર્ણ થઈ છે અને વહીવટદાર શાસન આવી ગયું છે.

દુકાન ભાડેથી આપવાની છે

ખોડીયાર કોલોની રોડ ઉપર ખૂબ જ મોકાની કોમર્શિયલ કોમ્પલેકસની અંદર ૨૫૦ ફુટની દુકાન ભાડેથી આપવાની છે.

Mob. 99247 90121

આજનો દિવસ અમારો

Dt. 12-03-2026 Tursday

In The Loving Memory of Santaben Somchand Velji Shah

By: Shantsom Cheritable Trust.

એમ. વી. શાહ મ્યુનિસિપલ વૃક્ષઉદ્યાન

એસ.બી.શર્મા વર્લ્ડ સ્કુલની બાજુમાં, ખોડીયાર કોલોની, જામનગર-૩૬૧૦૦૬

ફોન: ૦૨૮૮ ૨૬૭૦૭૬૦, ૯૯૭૮૮૯૭૭૨૨

ઓફીસ ભાડે/વેચાણથી આપવાની છે

ક્રોસ રોડ કોમ્પલેક્ષ

ઓફીસ નં.૩૦૧ થી ૩૦૬

ડીકેવી કોલેજ સામે, જામનગર

81608 50619

રાજકોટ રેન્જ આઈ.જી.પી.એ

દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લીધીઃ દ્વારકાધીશ મંદિરમાં પૂજા-દર્શનઃ ખનિજ ચોરીના સ્થળોની મુલાકાત

(તસ્વીરઃ મુકેશ મોકરીયા, રવિ બારાઈ)

ખંભાળિયા/દ્વારકા તા. ૧૨: રાજકોટ રેન્જ આઈ.જી.પી. તરીકે નિયુક્ત થયેલા નિર્લિપ્ત રાયે દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લીધી હતી.

દ્વારકા જિલ્લા પોલીસ વડા કચેરી ખંભાળિયામાં તેમણે મુલાકાત લીધી હતી, જ્યાં જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા સાથે ચર્ચા કરી જિલ્લાની કાયદા વ્યવસ્થાની સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી. જ્યારે ડી.વાય.એસ.પી. વિસ્મય માનસેતા તથા સાગર રાઠોડ જોડાયા હતાં.

તેમણે કલ્યાણપુર પોલીસ સ્ટેશનની ખાસ મુલાકાત લીધી હતી. અગાઉ જ્યાંથી કરોડો રૂપિયાની બોક્સાઈટ ચોરી થતી હતી તે સ્થળો કલ્યાણપુર તાલુકાના ગામડાઓની મુલાકાત લઈને આગામી સમયમાં ખનિજચોરો પર કડક કાર્યવાહી થવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. આ કાર્યવાહીના જાણકાર અનુભવી અધિકારીઓ સાથે કઈ રીતે ખનિજ ચોરી થતી તથા ક્યા પગલાં લેવાતા તે અંગે ચર્ચા કરી હતી. ઉલ્લેખનિય છે કે, અગાઉ બોક્સાઈટ ચોરી કૌભાંડમાં ખનિજચોરો તો ઠીક પણ ખનિજ ચોરોનું પાઈલોટીંગ કરીને સલામત કાઢનારા અમુક અધિકારીઓ પણ કરોડોમાં રમતા થઈ ગયા હતાં.

દ્વારકાધીશ મંદિરે પૂજા-દર્શન

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકાધીશ મંદિરમાં દર્શને નિર્લિપ્ત રાય ગયા હતાં ત્યાં ભગવાનના દર્શન, પાદુકા પૂજન કર્યા હતા.

દ્વારકાધીશ દર્શનમાં પૂજારી દ્વારા તેમને આશીર્વાદ તથા વિશેષ પૂજા કરાવાઈ હતી. દ્વારકા પોલીસ અધિકારીઓ તથા ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ દ્વારા દ્વારકાધીશની છબિ આપીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

દ્વારકામાં ડીવાયએસપી, પીએસઆઈ બારસિયા તથા સ્ટાફે તેમનું સ્વાગત કર્યું હતું, જ્યાં તેમણે દ્વારકાધીક મંદિર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા, શહેરની ભૌગોલિક પરિસ્થિતિ અંગે ચર્ચા કરી સૂચના આપી હતી.

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)	16,53,000
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	1,52,600
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)	1,24,000
ચાંદી-૯૯૯ (૧ કીલો)	2,76,400

અવિશ્વાસનો પ્રસ્તાવ ઉડી જતા

લોકસભાના અધ્યક્ષ ઓમ બીરલા હાજર

નવી દિલ્હી તા. ૧૨: ગઈકાલે લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન નામંજૂર થયા પછી આજે લોકસભામાં અધ્યક્ષસ્થાન ઓમ બીરલાએ પુનઃ સંભાળી લીધું હતું અને ઉદ્બોધન પણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસ સહિત વિપક્ષે લોકસભાના અધ્યક્ષ ઓમ બીરલા સામે અવિશ્વાસ દરખાસ્ત મૂક્યા પછી તેઓ લોકસભાની અધ્યક્ષ બેઠક પર બેસ્યા નહોતા. ગઈકાલે અવિશ્વાસ પ્રસ્તાવ નામંજૂર થયા પછી તેઓએ આજથી કામ સંભાળી લીધું હતું.

જોઈએ છે

▸ મીસ્ત્રી — બાસ પાર્ટમાં ડ્રોઈંગ મુજબ સેટિંગનું કામ કરી શકે તેવા અનુભવી મીસ્ત્રી

▸ QC ઈન્સ્પેકટર — ડ્રોઈંગ મુજબ ઓનલાઈન ઈન્સપેકશન માટે

: સંપર્ક : 98985 99992

Living Legend Winning Hearts All Over !!!

જીંદગીભર યાદ રહી જાય તેવો અદભૂત જલસો

લોકપ્રિય પ્લેબેક સીંગર

મનહર ઉધાસ

LIVE IN CONCERT

The Wait is Over !!

ગીત ગઝલની યાદગાર મહેફીલ

ટિકિટ બુકિંગ માટે સંપર્ક: book my show

જામનગર - તા.15 રવિવાર, સાંજે 9.30 કલાકે, ટાઉન હોલ, જામનગર

ટિકિટ બુકીંગ હોલ પર: સવારે 10 થી 1, સાંજે 5 થી 8

ઉમંગ ભદ્રા- 95744 70467

શો સંપર્ક: નૈતિક નાયક: 95580 59249

Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752